सत्यमेव जयते

GJRJ020514132025	દાખલ કર્યા તારીખઃ–	૨૨/૦૮/૨૦૨૫.
	રજિસ્ટર કર્યા તારીખઃ–	૨૨/૦૮/૨૦૨૫.
	ફેંસલ કર્યા તારીખઃ–	૨૩/૦૭/૨૦૨૬.
	સમયગાળો	વર્ષ માસ દિવસ ૦૦ ૧૧ ૦૨

//FORM-A//

આંકઃ–	૧૭.
કોર્ટનું નામઃ–	રાજકોટના મહેરબાન સાતમાં અધિક સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી જે.એ.પટેલ સાહેબની કોર્ટમાં, મુકામઃ– રાજકોટ.
ચુકાદાની તારીખઃ–	૨૩/૦૭/૨૦૨૬.
ક્રિમિનલ કેસ નંબરઃ–	૩૭૯૫૮/૨૦૨૫.
એફ.આઈ.આર.ની વિગતઃ–	––––
ગુનોઃ–	ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એક્ટની કલમ–૨૫ મુજબ.
ફરિયાદીઃ–	HDFC Bank Ltd. Having its Branch Offece At:- Akanksha Building, 1st Floor Near Suryamukhi Hanuman Temple-10, Vijay Plot Corner, Gondal Road, Rajkot-360002. Throuh ist Authorized Signatory Mr.Pratikbhai Gunavantbhai Parmar.
ફરિયાદપક્ષ તરફેઃ–	વિદ્વાન વકીલશ્રી એસ.પી. વાસાણી.
આરોપી	Keshavala Vijay Bharmal. Add:- Maruti MICA Near Shaan Cement Hadamtala Industrial Area Gondal.

//FORM-B//

ગુનો બન્યા તારીખઃ–	૦૯/૦૭/૨૦૨૫.
એફ.આઈ.આર. તારીખઃ–	––––
ફરિયાદ દાખલ તારીખઃ–	૨૨/૦૮/૨૦૨૫.
ચાર્જફ્રેમ કર્યા તારીખઃ–	––––
પુરાવો ચાલુ થયા તારીખઃ–	૧૦/૦૯/૨૦૨૫.
જજમેન્ટ માટે રાખ્યા તારીખઃ–	
જજમેન્ટની તારીખઃ–	૨૩/૦૭/૨૦૨૬.
સજા, હુકમની તારીખ(લાગુ પડે તો)	૨૩/૦૭/૨૦૨૬.

//આરોપીની વિગત//

અનુ. નંબર	આરોપીનું નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડ્યા તારીખ	ગુનો	દોષિત/ નિર્દોષ	કરવામાં આવેલ સજા	બી.એન.એસ. એસ.ની કલમ–૪૬૮ માટે કસ્ટડીમાં રહેલ સમય
૦૧	Keshavala Vijay Bharmal	––––	––––	ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એક્ટની કલમ–૨૫	દોષિત	૭ માસ	––––

//FORM-C//

//ફરિયાદપક્ષે//બચાવપક્ષે//કોર્ટપક્ષે સાહેદોની યાદી.//

(અ) ફરિયાદપક્ષે સાહેદોનું લીસ્ટઃ–

//મૌખિક પુરાવો//

અનુક્રમ નંબર	વિગત	આંક
૧	ફરિયાદી પ્રતિકભાઈ ગુણવંતભાઈ પરમાર (એચ.ડી.એફ.સી. બેંન્ક લી,ના અધિકૃત અધિકારી શ્રી)નું સરતપાસનું સોગંદનામું.	૦૪

//દસ્તાવેજી પુરાવો//

અનુક્રમ નંબર	વિગત	આંક
૦૧	Power Of Attorney.	૦૮
૦૨	Statement Of Credit Card.	૦૯
૦૩	Bank Advise Pertaining to Non-clearance Of ECS/SI	૧૦
૦૪	Demand Notice.	૧૧
૦૫	Money Receipt	૧૨
૦૬	Online track report From Post / Refused Cover.	૧૩

(બી) આરોપીપક્ષે સાહેદોનું લીસ્ટઃ–

અનુક્રમ નંબર	વિગત	આંક
–	–	–

(ક) કોર્ટપક્ષે સાહેદોનું લીસ્ટઃ–

અનુક્રમ નંબર	વિગત	આંક
–	–	–

ફરિયાદપક્ષે//બચાવપક્ષે//કોર્ટપક્ષે આંકઃ–
(અ) ફરિયાદપક્ષે આંકઃ–

અનુક્રમ નંબર	વિગત	આંક
–	–	–

(બી) આરોપીપક્ષે આંકઃ–

અનુક્રમ નંબર	વિગત	આંક
–	–	–

(ક) કોર્ટપક્ષે આંકઃ–

અનુક્રમ નંબર	વિગત	આંક
–	–	–

// ચુ કા દો //

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી બેન્કના અધિકૃત અધિકારના દરજ્જે ફરિયાદીએ હાલની ફરિયાદ દાખલ કરેલ છે. ફરિયાદી બેન્ક અલગ-અલગ પ્રકારની લોન આપે છે. ફરિયાદીને સદરહુ ફરિયાદ ફાઈલ કરવા ઓથોરીટી બેન્ક દ્વારા આપવામાં આવેલ છે. આરોપીએ **માસ્કડ કાર્ડ નં.૦૦૦૪૩૪૬૭૭XXXXXX૮૬૨૫ એકાઉન્ટ નં.૦૦૦૧૦૧૯૦૧૦૦૨૨૯૬૧૯૨૦** દ્વારા ક્રેડિટ કાર્ડ લોન સુવિધાનો લાભ લીધો હતો અને સુવિધાનો લાભ લેતી વખતે સંમત થયેલા નિયમો અને શરતો અનુસાર, સમયસર મેળવેલી રકમ ચૂકવવાનું વચન આપ્યું હતું. ક્રેડિટ કાર્ડ સુવિધાનો લાભ લેતી વખતે, આરોપીએ ફરિયાદી બેંક દ્વારા નિર્ધારિત તમામ નિયમો અને શરતો સ્વીકારી હતી. ચુકવણી માટે સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન પેમેન્ટ/ઓટો ડેબિટ (SIP/AD) સુવિધા વપરાયેલી રકમ આરોપી દ્વારા સંમતિ આપવામાં આવી હતી, પરંતુ સૂચના પર તેનો અનાદર કરવામાં આવ્યો છે. ઉપરોક્ત સુવિધાના નિયમો અને શરતો અનુસાર, આરોપીએ ક્રેડિટ કાર્ડ સુવિધા**(માસ્કડ કાર્ડ નં.૦૦૦૪૩૪૬૭૭XXXXXX૮૬૨૫)**નો ઉપયોગ કરેલી રકમ માસિક કાર્ડ વ્યવહારના વ્યાજ ઉપરાંત ફરિયાદી બેંકને અન્ય શુલ્ક ચૂકવવા સંમતિ આપી હતી. સદરહુ સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશનના આધારે ફરિયાદીએ આરોપીની સુચના મુજબની તેમના બેન્કના ખાતામાંથી **રૂા.૧૩૬૩૨.૧૦/-** વસુલવા માટે મોકલતા આરોપીની બેન્ક તરફથી **તા.૦૯/૦૭/૨૦૨૫**ના રોજ **"Insufficient Funds"**ના શેરા સાથે રકમ ચુકવાયા વગરની પરત આવેલ. આમ, આરોપીએ આપેલ સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન મુજબની રકમ ફરિયાદીને ન મળતા ફરિયાદીએ તેમના એડવોકેટ મારફત રજિ.એડી.થી આરોપીને **તા.૨૫/૦૭/૨૦૨૫ના** રોજ ડિમાન્ડ નોટિસ મોકલેલ, જે નોટિસ આરોપીને **તા.૨૬/૦૭/૨૦૨૫**ના રોજ બજી ગયેલ છે. તેમ છતાં, આરોપીએ ફરિયાદીની બાકી લેણી રકમ ચુકવેલ નથી કે કોઈ જવાબ આપેલ નથી. આમ, આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ-૨૫ (સરળતા ખાતર ''એકટ'') અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યું હોવાથી હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) સદરહુ ફરિયાદનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં, આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી હાજર થતાં, આરોપીને ફરિયાદ તથા તેની સાથે ફરિયાદીએ રજૂ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અત્રેની કોર્ટના મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૪ની જોગવાઈ મુજબ આરોપીનો **આંક–૦૬થી જવાબ(પ્લી)** નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબૂલ ન રાખતાં, સદરહુ ફરિયાદનું કામ, ફરિયાદપક્ષના પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ સદરહુ ફરિયાદના કામે ફરિયાદપક્ષ દ્વારા ઊલટતપાસનો હકક બંધ કરતી અરજી આપતા અત્રેની કોર્ટ દ્વારા હુકમ કરીને આરોપીનો ઊલટતપાસનો હકક બંધ કરતો હુકમ કરેલ છે. ત્યારબાદ હાલનું કામ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયેના વિશેષ નિવેદન પ્લી સાથે લીધેલ છે જેમાં તેઓએ તમામ હકીકતોનો ઈન્કારીયતમાં જવાબ આપેલ છે.

ત્યારબાદ હાલનું કામ ફરિયાદપક્ષ તથા બચાવપક્ષની દલીલો ઉપર આવતા ફરિયાદપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા મૌખિક દલીલો કરેલ છે અને આરોપી તરફે કોઈ રિપોર્ટ કે રજૂઆત ન હોય આરોપીનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) સદરહુ ફરિયાદના કામમા ફરિયાદીના વિદ્વાન વકીલશ્રીએ પોતાની મૌખીક દલીલોમાં આંક–૦૧ લગત ફરિયાદ તેમજ પુરાવાના કામે રજૂ રાખેલ સોગંદનામા મુજબની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હાલના કામે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી, જેથી અત્રેની કોર્ટ દ્વારા આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ થયેલ છે. જો ખરેખર આરોપીએ પોતાની બૅન્કને આપેલ સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન મુજબ હપ્તો

ચુકવાય ગયેલ હોય તો આરોપી જાતે હાજર રહીને પોતાનો બચાવ જાતે અથવા તો વકીલ મારફત કરે, પરંતુ હાલના કામે આરોપીને વારંવાર વોરંટ નામદાર કોર્ટ દ્વારા કાઢવા છતાં આરોપી હાજર રહેલ નથી અને નામદાર કોર્ટના સમયને વેડફેલ છે. ફરિયાદીના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું આરોપીપક્ષ દ્વારા કોઈ ખંડનાત્મક પુરાવો રજૂ રાખેલ ન હોય, જેથી આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે પુરવાર કરેલ હોય, આરોપીને કાયદામાં નિયત કરેલ મહત્તમ સજા કરવા તેમજ સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન મુજબના હપ્તાની રકમનો દંડ તેમજ તે મુજબની રકમ વળતર તરીકે અપાવવા અરજ કરેલ છે.

– હાલના કામે આરોપી તરફે કોઈ રિપોર્ટ કે રજૂઆત ન હોય કે તેમના વિદ્વાન વકીલશ્રી હાજર ન હોય જેથી તેઓનો દલીલોનો હક્ક બંધ કરતો હુકમ કરવામાં આવેલ છે.

(૫) ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલા પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતાં હાલના કેસનો આખરી નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે:–

(૧) શું નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટની કલમ–૨૫ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શુંહુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે:–

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે:–

//કારણો//

<u>**મુદ્દા નંબર : ૧:–**</u>

આ કામે આરોપી વિરુદ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એક્ટની કલમ–૨૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ફરિયાદ આંક–૦૧થી દાખલ થયેલ છે. આ તબક્કે પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એક્ટની કલમ–૨૫ વંચાણે લેવી જરૂરી જણાય આવતી હોય જે નીચે મુજબ છે,

Section 25 in The Payment and Settlement Systems Act, 2007 25 Dishonour of Electronic Funds Transfer for insufficiency, etc., of funds in the account.(1) Where an electronic funds transfer initiated by aperson from an account maintained by him cannot beexecuted on the ground that the amount of moneystanding to the credit of that account isinsufficient to honour the transfer instruction orthat it exceeds the amount arranged to be paid from that account by an agreement made with a bank, suchperson shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the electronic funds transfer, or with both: Provided that nothing contained in this section shall apply unless,

(a) the electronic funds transfer was initiated for payment of any amount of money to another person for the discharge, in whole or in part, of any debt on other liability;

(b) the electronic funds transfer was initiated in accordance with the relevant procedural guidelines issued by the system provider;

(c) the beneficiary makes a demand for the payment of the said amount of money by giving a notice in writing to the person initiating the electronic funds transfer within thirty days of the

receipt of information by him from the bank concerned regarding the dishonour of the electronic funds transfer; and

(d) the person initiating the electronic funds transfer fails to make the payment of the said money to the beneficiary within fifteen days of the receipt of the said notice.

(2) It shall be presumed, unless the contrary isproved, that the electronic funds transfer was initiated for the discharge, in whole or in part, of any debt or other liability.

(3) It shall not be a defence in a prosecution for an offence under subsection (1) that the person, who initiated the electronic funds transfer through an instruction, authorization, order or agreement, did not have reason to believe at the time of such instruction, authorization, order or agreement that the credit of his account is insufficient to effect the electronic funds transfer.

(4) The Court shall, in respect of every proceeding under this section, on production of a communication from the bank denoting the dishonour of electronic funds transfer, presume the fact of dishonour of such electronic funds transfer, unless and until such fact is disproved.

(5) The provisions of Chapter XVII of the Negotiable Instruments Act, 1881 (26 of 1881) shall apply to the dishonour of electronic funds transfer to the extent the circumstances admit. Explanation. For the purpose of this section, debt or other liability means a legally enforceable debt or other liability, as the case may be.

(૮) સદરહુ કામે ફરિયાદપક્ષે ફરિયાદીનું **આંક-૦૪થી** સરતપાસનું સોગંદનામું રજૂ કરવામાં આવેલ છે અને ફરિયાદીએ તેની આંક-૦૧ની ફરિયાદ તથા સોગંદનામાના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. જે

દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે બૅન્ક તરફથી આપવામાં આવેલ **Power of Attorney, Statement Of Accused's Loan Account, Bank Advise Pertaining to Non-clearance Of ECS/SI** રજૂ કરેલ છે. સદરહુ એકાઉન્ટ આરોપી ધરાવતા નથી તેવી આરોપીઓ તરફે બચાવ તકરાર નથી. આમ, રજૂ દસ્તાવેજ ઉપરથી ઈ.સી.એસ કલીયર થયા વગર પરત ફરેલનું જણાય આવે છે. આમ, ફરિયાદીની સોગંદ ઉપરની જુબાની ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી.

– વધુમાં, આ ડિમાન્ડ નોટિસની કામે ફરિયાદપક્ષ તરફે ફરિયાદીએ સ્થળપ્રત, આરોપીને નોટિસ રજી. આરોપીને એડી. થી મોકલેલ મોકલ્યાની પોસ્ટની સ્લીપ, રજી. એડી.થી મોકલેલ નોટિસ આરોપીને બજી ગયા અંગેની પોસ્ટનો ઈન્ટરનેટનો ટ્રેકીંગ રીપોર્ટ રજૂ કરેલ છે. સદરહુ તમામ દસ્તાવેજી પુરાવાઓ અસલ તથા પુરાવાઓને આધારભુત ફરિયાદીના દસ્તાવેજો સરતપાસ હોય તેમજ સોગંદનામા સદરહુ હેઠળ તમામ સમર્થન દસ્તાવેજી મળતું હોય તેમજ સદરહુ તમામ દસ્તાવેજી પુરાવાઓ ખોટા કે ઉપજાવી કાઢેલ હોવાની બચાવપક્ષ તરફે કોઈ રજૂઆત કે બચાવ તકરાર નથી. જેથી સદરહુ તમામ દસ્તાવેજી પુરાવાઓને ફરિયાદીના સરતપાસ સોગંદનામા હેઠળ સમર્થન મળતું હોય, તેને ન માનવા કોઈ કારણ ઉપસ્થિત થતું જણાતું નથી.

(૯) સદરહુ ફરિયાદના કામે આરોપી તરફે ફરિયાદીની **આંક–૦૪ની** સોગંદ ઉપરની જુબાની રજૂ થયેલ છે, પરંતુ હાલના કામે ફરિયાદપક્ષ દ્વારા આરોપીનો ઊલટતપાસનો હકક બંધ કરતી અરજી આપેલ હોય જે લગત હુકમ કરી આરોપીનો ઊલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોવાથી આરોપીનો એફ.એસ.નો હકક પણ અત્રેની કોર્ટ દ્વારા બંધ કરેલ છે. ત્યારબાદ અત્રેની કોર્ટ દ્વારા વારંવાર વોરંટ કાઢતા જે વગર બજે પરત આવેલ છે જેથી અત્રેની કોર્ટ દ્વારા હાલનું કામ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે. હાલના કામે ઉપરોકત હુકમ કર્યા બાદ આજદિન સુધી આરોપી કે તેમના વિ.વ.શ્રી અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી.

– આ કામે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ–૨૫ મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ–૨૫ મુજબ અનુમાન થાય કે આરોપીએ તેના લોનના લેણાં પેટે પોતાની બેંન્કને ઈન્સ્ટ્રકશન આપેલ છે પરંતુ તેનુ ખંડન આરોપીએ કરવું પડે અને જયારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરિયાદીના કેસ સામે વાજબી શંકા ઉપસ્થિત કરે, ત્યારે પુરાવાનો બોજો ફરિયાદી તરફ ખસે. હાલના કામે ફરિયાદીએ રેકર્ડ ઉપર આંક–૦૪થી સરતપાસનું સોગંદનામુ રજૂ રાખી ફરિયાદવાળી હકીકતને સમર્થન આપેલ છે. વધુમાં, વાદગ્રસ્ત ઈ.સી.એસ. વાળુ ખાતુ પણ આરોપી પોતે નિભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી. આરોપીએ હાજર રહી કોઈ બચાવ લીધેલ નથી જેથી ફરિયાદપક્ષ દ્વારા આરોપીને લોન આપેલ અને તે લોનના હપ્તાની ભરપાઈ કરવા પેટે પોતાના ખાતાવાળી બેંન્કમાંથી ઈ.સી.એસ.થી હપ્તો કાપવાની ઈન્સ્ટ્રકશન આપેલ હોય તે સ્વાભાવીક માની શકાય તેવી હકીકત છે. જેથી હાલની કામે ઈ.સી.એસ.થી લોનનો હપ્તો ભરપાઈ કરવા આરોપી પોતાની બેંન્કને આપેલ ઈન્સ્ટ્રકશન પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે. પરંતુ આરોપીએ પોતે લોન લીધેલ ન હોવાનો કે પોતે બેંન્કને આવી કોઈ ઈન્સ્ટ્રકશન આપેલ ન હોવાનો કોઈ બચાવ અત્રેની કોર્ટમાં હાજર રહી લીધેલ નથી કે આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખિક પુરાવો રજૂ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી આધાર હાલના કામે રજૂ રાખેલ નથી. જેથી ખરેખર આરોપીએ ફરિયાદી પાસેથી ફરિયાદ મુજબની લોન લીધેલ અને તે લોનના હપ્તા આરોપીએ ભરેલ નથી તેમ માની શકાય છે. વધુમાં, જો ખરેખર આરોપીએ ફરિયાદીની લોનના હપ્તા ચુકવેલ હોય તો જયારે હાલના કામેની નોટિસ આરોપીને બજેલ ત્યારે આરોપીએ તે નોટિસનો જવાબ આપી લોનના નાણાં પરત આપ્યાનો બચાવ લીધેલ હોય કે તે અંગે નોટિસનો જવાબ આપી શકે પરંતુ આરોપી દ્વારા તેઓને નોટિસ બજવા છતા નોટિસનો કોઈ જવાબ આપી પોતાનો બચાવ રજૂ કરેલ નથી. આમ, આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી ફરિયાદીના પુરાવાનું ખંડન કરેલ નથી. વધુમાં, વાદગ્રસ્ત ખાતુ આરોપીનું ન હોવાનો કે પોતાની બેંન્કમાં ઈ.સી.એસ. અંગેની કોઈ ઈન્સ્ટ્રકશન આપેલ ન હોવા

અંગેનો કોઈ બચાવ આરોપી દ્વારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજૂ કરવા જાતે બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી પુરવાર કરેલ નથી. આમ, ફરિયાદી તરફે તેમના જે દસ્તાવેજો રજૂ કરેલ છે તેનુ ખંડન કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ આરોપી તરફે રજૂ કરવામાં આવેલ નથી.

(૧૦) આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેતાં, ફરિયાદવાળી આરોપીના ખાતાવાળી બૅન્કમાંથી લોનના હપ્તા મુજબની રકમ ઈ.સી.એસ. કરવા અંગેની ઈન્સ્ટ્રકશન કાયદેસરના લોનના હપ્તાના દેવાની ચુકવણી પેટે આપેલ હતી તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થયેલ છે. જે ઈન્સ્ટ્રકશન મુજબ નિયત સમય મર્યાદામાં નકકી કર્યા મુજબ સુચના મળવા છતા તે "**Insufficient Funds**" સાથે પરત આવેલ છે અને ફરિયાદીએ તે અંગેની આરોપીને પોસ્ટ મારફતે કાયદેસરની ડિમાન્ડ નોટિસ મોકલેલ જે આરોપીએ સ્વીકારેલ છે, અને ઈ.સી.એસ. મુજબની રકમ ફરિયાદીને ચુકવવામાં આવેલ નથી તે કારણે હાલની ફરિયાદ કરવાનું કારણ ઉત્પન્ન થતા કાયદાની નિયત સમય મર્યાદામાં લેખિતમાં ફરિયાદ કરવામાં આવેલ તેવુ રેકર્ડ ઉપરના પુરાવાથી ફલિત થાય છે. આમ પ્રસ્તૃત કેસમાં ફરિયાદી જયારે પોતાનો કેસ સાબિત કરવામાં સફળ રહેલા છે અને આરોપી ફરિયાદીના કેસ સામે વાજબી શંકા ઉપસ્થિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય ત્યારે એ હકીકત પણ આરોપીને કાયદામાં ફરમાવેલ સજા સંદર્ભે કેટલી સજા કરવી જોઈએ તેના સંદર્ભમાં પક્ષકારો વચ્ચેનો સંબંધ, ફરિયાદવાળા વ્યવહારનું સ્વરૂપ ધ્યાનમાં લેતા તેમજ પ્રસ્તૃત કેસની હકીકત અને સંજોગો ધ્યાનમાં લેતાં આ કામના આરોપીને ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ-૨૫ના ગુનામાં તકસીરવાર ઠરાવી મુદ્દા નં.૧નો નિર્ણય "હકાર"માં આપવામાં આવે છે.

(૧૧) ઉપર મુદ્દા નં.૧માં ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ-૨૫ના ગુના સબબ આરોપીને તકસીરવાર ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ

હોવાથી આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨) અન્વયે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ–૨૫ના ગુના સબબ તકસીરવાર ઠરાવું છું અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૨૩, માહેઃજુલાઈ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૨૩/૦૭/૨૦૨૬.
મુકામઃ રાજકોટ.

(જૈમીન અશોકભાઈ પટેલ)
સાતમાં એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ
રાજકોટ
U.I.C.No.GJ01113

સજા અંગે હુકમ :–

– હાલના કામે ફરિયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે, આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી, ફરિયાદીના વિદ્વાન વકીલ શ્રીને સાંભળ્યા.

(૧૨) ફરિયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજૂઆત છે કે, હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ઈ.સી.એસ. ઈન્સ્ટ્રકશન બૅન્કને આપેલ હોવા છતા તે મુજબની રકમ ખાતામાં ન રાખી તે રિટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. તેવા સંજોગોમાં સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે, ત્યારે આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવું જોઈએ.

(૧૩) આ અદાલતમાં આરોપી તરફે હાજર રહી તેઓની સજા અંગે કોઈ રજૂઆત કરેલ નથી. હાલના યુગમાં કોઈપણ વ્યકિત, કોઈ પણ ભોગે મોટી રકમ મેળવવા કે લોન મેળવવા કે માલસામાન ખરીદતી વખતે કે અન્ય કોઈપણ રીતે રકમ લેતી વખતે તેની સામે ખોટી રીતે ઈ.સી.એસ. ઈન્સ્ટ્રકશન પોતાની બૅન્કમાં લખી આપી, તે મુજબની રકમ ન વસુલાય તે મુજબના કિસ્સા વધી રહેલ છે. રકમ મેળવ્યા બાદ તે રકમ પરત કરતા નથી અને લેણી રકમ ન ચૂકવવી પડે તે માટે કાયદાનું ખોટુ અર્થઘટન કરી, તેનો દુરૂપયોગ કરતાં રહે છે અને રકમ પરત કરતા નથી અને ઈ.સી.એસ. મુજબની રકમ સ્વીકારાયા વગર પરત થાય છે તે ખૂબ ગંભીર બાબત ગણાય અને આવા ગુનાઓ દિન–પ્રતિદીન વધી રહયા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજિસ્લેચરનો હેતુ બૅન્કનું કામકાજ તેના નિયમાનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતુ રહે તે માટેનું છે.

– આ કામે આરોપીએ ફરિયાદી બૅન્ક પાસેથી લોન લઈને લોનના હપ્તા અંગે પોતાની બૅન્કને ઈ.સી.એસ. અંગેનુ ઈન્સ્ટ્રકશન આપેલ પરંતુ તે મુજબની

ચુકવણી ન થતા અને ઈ.સી.એસ. **"Insufficient Funds"** ના શેરાથી વગર સ્વીકારચે પરત ફરેલ છે અને આરોપીને નોટિસ આપ્યા બાદ પણ લેણી રકમ પરત કરેલ નથી. લાંબો સમય કેસ ચાલતા દરમ્યાન પણ આરોપીએ ફરિયાદીની લેણી રકમ પૈકી કોઈ રકમ પરત કરેલ નથી.

– કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, લોકોનું બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોક્કસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજિસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બૅન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરૂપયોગ કરતાં અચકાશે નહિ જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

(૧૪) હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ વ્યકિત છે અને લોન લીધા બાદ હપ્તાની રકમ સામે પોતાની બૅન્કમાં ઈ.સી.એસ. અંગેની ઈન્સ્ટ્રકશન આપવાની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જોઈએ. અત્રેની કોર્ટમાં વારંવાર વોરંટ કાઢવા છતાં હાજર રહેલ નથી અને ખોટો સમય ખેંચ્યા બાદ કેસ ચાલતા દરમ્યાન આરોપી તરફે ફરિયાદીને ઈ.સી.એસ.ના હપ્તા મુજબની રકમ ચૂકવવામાં આવેલ નથી. બેલેન્સ ન હોવા છતા ખોટી રીતે બૅન્કને ઈ.સી.એસ.ની ઈન્સ્ટ્રકશન આપવા આરોપી ટેવાયેલાનું જણાય છે.

– આમ આરોપીની આરોપીની દાનત, રકમ ફરિયાદીને પરત નહિ આપવાનું જણાય વર્તણૂક લક્ષમાં રાખી, તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી.

– ફરિયાદી તરફે વળતરની રજૂઆત લક્ષે લીધી. આ અદાલતે ***નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરુદ્ધ દિનેશ બાબુલાલ બોરીયાવાળા*** વિગેરેના ચૂકાદાની હકીકતો છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ લક્ષમાં લીધેલ દૂર કરેલ હતો, પરંતુ વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે.

– વધુમાં, ***નામદાર કેરાલા હાઈકોર્ટનો એમ.વી. નલીન કહાન વિરુદ્ધ એમ. મેશન, ૨૦૦૯ ક્રિમિનલ લો જનરલ પાના નંબર–૧૭૦૩***ના ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટ તથા બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૧ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચિત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા આરોપીએ પોતાની બેન્કને ઈ.સી.એસ. અંગેની ઈન્સ્ટ્રકશન આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી તથા ***નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર–૨૯, આર.સી. મહેતા વિરુદ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.***ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ–૨૫ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ધ્યાને રાખી તથા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩(૨)ની જોગવાઈ ધ્યાને લઈને આ અદાલત મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો ''આખરી હુકમ'' કરે છે.

//આખરી હુકમ//

(૧) આ કામના આરોપીને ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ–૨૫ મુજબના સજાને પાત્ર ગુનામાં બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨) અન્વયે તકસીરવાર ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને છ માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૫(૩) મુજબ ફરિયાદવાળી રકમ આરોપીએ ફરિયાદીને વળતર પેટે ચુકવી આપવી, જો આરોપી વળતરની રકમ એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૦૨(બે) માસની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે, અગર તો ચાલુ કામે કોઈ રકમ ચુકવી આપેલ હોય તો તે મજરે લેવાની રહેશે.

(૩) આ કામના આરોપીએ અગાઉ જો કોઈ સજા ભોગવેલ હોય તો, બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

(૪) આ હુકમની ખરી નકલ બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪(૧) અન્વયે આરોપી મળી આવ્યેથી આરોપીને તાત્કાલિક વિના મુલ્યે પુરી પાડવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૨૩, માહેઃજુલાઈ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૨૩/૦૭/૨૦૨૬.

મુકામઃ રાજકોટ.

(જૈમીન અશોકભાઈ પટેલ)
સાતમાં એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ
રાજકોટ
U.I.C.No.GJ01113

Typed by:- S.B.Chudasama, Gujarati Stenographer.